ગાંધીનગર સમાચાર

તા. ૧૩-૧-૨૦૧૫, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### ધર્માંધતાના વાઇરસથી સાચવી લેવાની જરૂર

ધર્મને ધીમું ઝેર ગણનારા મહાન ફિલસૂફ બર્ટ્રાન્ડ રસેલ કે દાસ કેપિટલના સર્જક કાર્લ માર્ક્સની વાત દુનિયાના બૌદ્ધિકો સિવાય ભાગ્યે જ કોઇએ સ્વીકારી છે. તમામ યુરોપીય રાષ્ટ્રોમાં મહદંશે ચર્ચનું મહત્ત્વ રહ્યું છે. અમેરિકા અને આફ્રિકા કે ઓસ્ટ્રેલિયા ખંડમાં પણ મુખ્ય ધર્મ તરીકે ખ્રિસ્તી ધર્મનો મહિમા રહ્યો છે. એશિયામાં ઇસ્લામ અને હિંદુ ધર્મ ઉપરાંત બૌદ્ધ ધર્મનો વાવટો ફરકતો રહ્યો છે. માણસ એની પરંપરાગત આસ્થાને વળગી રહે કે જરૂર લાગે ત્યારે બીજા ધર્મ-સંપ્રદાયને અનુસરવા લાગે, એની સામે કોઇને કશો વાંધો ન હોવો જોઇએ, પરંતુ ધર્મના નામે ધંધો ચલાવતા મુલ્લાં-પંડિત-પાદરીઓ પ્રજાને ગુમરાહ કરતા રહ્યા છે, જેને કારણે ધર્મની મૂળ વિભાગના ભૂંસાતી ગઇ અને ધર્મ સાથે ઝનૂનનું તત્ત્વ ભળતાં ક્યારેક ઉચ્ચતર માનવમૂલ્યોની પ્રતિષ્ઠા કરતા ધર્મ માટે ઉપરોક્ત ફિલસૂફોને 'ધીમે ઝેર' જેવા શબ્દો વાપરવા પડ્યા. હિંદુ ધર્મ વિશ્વના બીજા ધર્મોની સરખામણીમાં ઘણો ઉદારમતવાદી ધર્મ છે. એમાં પણ જયારે કટ્ટરતા ભળતી દેખાય ત્યારે હિંદુ ધર્માવલંબી બૌદ્ધિકોએ અને પ્રજાએ વેળાસર ચેતવું જોઇએ. મુસ્લિમ સમાજમાં કટ્ટરવાદી તત્ત્વો બે-પાંચ ટકા જ હશે, પરંતુ એવાં તત્ત્વોને કારણે ઇસ્લામની આખી દુનિયિામાં ફજેતી થઇ રહી છે. જેહાજ જેવી પવિત્ર વિભાવનાનો કેવો વરવો દુરુપયોગ થઇ રહ્યો છે, તેનો ભારત સહિત દુનિયાના ઘણા બધા દેશોને અનુભવ છે. ખુદ ઇસ્લામિક રાષ્ટ્રો સામે આવા કટ્ટરવાદીઓએ અસ્તિત્વનું જોખમ ઊભું કરી દીધું છે. પાકિસ્તાન કટ્ટરવાદનો રાજકીય લાભ ઉઠાવવા ગયું એમાંથી છેલ્લે પેશાવર કાંડ સરજાયો. આજે એના શાસકોને અને આતંકવાદની ગંગોત્રી જેવી પાક સેનાને રોવાવારો આવ્યો છે. આર્મી સ્કૂલને જે આતંકવાદીઓએ નિશાન બનાવીને માસૂમ બાળકોનો સામૂહિક સંહાર કર્યા પછી પાકિસ્તાને જ નહીં, અન્ય મુસ્લિમ રાષ્ટ્રોને પણ ધર્મના નામે શરૂ થયેલી અને વકરેલી હિંસાને કાબૂમાં લેવા શું કરવું એની વિસામણ થતી હશે. નાઇજિરિયાનો નરસંહાર આફ્રિકન રાષ્ટ્રોમાં ફેલાયેલી ધાર્મિક કટ્ટરતાનું વરવું ઉદાહરણ છે. ફ્રાંસના વ્યંગ્ય-સામયિક 'શાર્લી એબ્દો' ના સંપાદકો અને કાર્ટૂનિસ્ટોની જઘન્ય હત્યા પછી યુરોપ આખું આતંકવાદ વિરુદ્ધ એક મંચ પર આવી ગયું છે. પેરિસમાં દસ લાખ લોકોએ રેલી કાઢી અને ચાલીશ દેશોના વડા એક મંચ પર આવી ભેગા થયા. આ બધા ઘટનાક્રમ વચ્ચે વિશ્વ હિન્દુ પરિષદ અને હિંદુ જાગરણ મંચ જેવી સંસ્થાઓના 'ઘર વાપસી' ના કાર્યક્રમની કેવી નકારાત્મક પ્રતિક્રિયા આવી શકે તે પ્રજાએ અને શાસકોએ સમજી લેવું પડશે. સાક્ષી મહારાજ અને સાધ્વી પ્રાચી હવે હિંદુ મહિલાઓને ચાર ચાર સંતાનો પેદા કરવાની સલાહ આપે છે ત્યારે ઘડિયાળના કાંટા ઊંધા ફેરવવાની હાસ્યાસ્પદ ચેષ્ટા નથી વરતાતી શું? જાગ્રત હિંદુ સમાજે આવા વાહિયાત પ્રચાર સામે અવાજ બુલંદ કરવો જોઇએ એમ નથી લાગતું? પરિવાર નિયોજન દ્વારા બે પાંદડે થયેલા માનવ સમાજને ફરી પાછો ગરીબીની ગર્તામાં ધકેલી દઇ, ધર્મના નામનું અફીણ પિવડાવવાના આવા કારસા કોઇ પણ સભ્ય સમાજને શોભે ખરા? એક તરફ ભારત એકવીસમી સદીની નવી મહાસત્તા તરીકે ઊપસી રહ્યું છે ત્યારે આ પ્રકારની ધર્માંધતા એને વિશ્વસ્તરે કેટલી નડી શકે, તે વેળાસર સમજી લેવાની અને સમયસર એ મુદ્દે ચેતી જવાની જરૂર છે.

# યુનિટ ફોર ક્વૉલીટી એજ્યુકેશન શિબિરમાં પ્રાથમિક શિક્ષકોને ફરજિયાત હાજર રાખવા વિરોધ

## રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા અધિવેશનમાં પ્રાથમિક શિક્ષકોને હાજર રહેવા ફરજ પાડવા અને શાળાનો સમય વહેલો કરવા બાબતે વિરોધ નોંધાવાયો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા તા. ૧૬મી જાન્યુઆરીએ યોજવામાં આવેલ 'યુનિટ ફોર ક્વૉલીટી એજ્યુકેશન' ચિંતન શિબિર અંતર્ગત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા શાળાનો સમય સવારે ૭થી ૧૧.૩૦ નો કરવા અને અને શાળા પત્યા બાદ તમામ શિક્ષકોને શિબિરમાં ઉપસ્થિત રહેવાના આદેશો કરાયા હતા. આ આદેશના સંદર્ભમાં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા શિક્ષણાધિકારી સમક્ષ શિયાળાની કડકડતી ઠંડીને ધ્યાનમાં રાખીને શાળા સવારની કરવાનો આદેશ રદ કરવા તેમજ શિક્ષકોને અધિવેશનમાં હાજર રહેવાની સૂચના રદ કરવા અનુરોધ કર્યો છે.

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા તેમની આ માંગણીના સંદર્ભમાં દલીલો રજુ કરાઈ છે. જેમાં હાલ સવારે હાડ ધ્રુજાવતી કડકડતી ઠંડી પડી રહી હોઈ કુમળા બાળકોને ૭ વાગે શાળાએ પહોંચવા ખૂબ વહેલા અંધારામાં ઘરેથી નીકળવુ પડે જેના કારણે તેમના સ્વાસ્થ પર અસર પડી શકે તેમજ આ સમયે કોઈ આકસ્મિક કે અઘટીત ઘટના ઘટે તો જવાબદારી કોની તેવી રજુઆત કરવામાં આવી છે.

આ ઉપરાંત મહાસંઘ દ્વારા એવી પણ દલીલ કરાઈ છે કે તમામ પ્રાથમિક શિક્ષકો સંઘ સાથે જોડાયેલ નથી આથી તમામ શિક્ષકોને અધિવેશનમાં હાજર રહેવા ફરજ પાડવી તે ન્યાયના સિદ્ધાંતોની વિરૂદ્ધ છે. મહાસંઘના મતે જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના અધિવેશનોમાં મહાનુભાવો પુરતી વાતો કરી બાકીના સમયમાં શિક્ષકોને ઉશ્કેરી સરકાર વિરૂદ્ધ બાંયો ચડાવવાનું જ કામ થાય છે. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા આ બાબતોને ધ્યાનમાં રાખી શાળાનો સમય ૭.૫૫ થી ૧૨.૩૦ નો રાખવા અને શિક્ષકોને હાજર રહેવાની સૂચના દૂર કરવા માંગ કરાઈ છે અને જો આ માંગણી સંતોષવામાં નહી આવે તો જે કોઈ પરિસ્થિતિ ઉભી થશે તેની જવાબદારી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની રહેશે તેવી સ્પષ્ટતા પણ કરવામાં આવી છે.

## હરિની દૃષ્ટિ...




આ પતંગ પતંગ કરીને, ઓલ્યા દિલ્હી પહોંચી ગયા અને હજુ આપણે તો, કીન્ના ડૂલ જ થઇ જાય છે...!!

# ખડિયો મારું તન, કલમ મારું મન સાહિત્ય પ્રસાદનું થયું વિમોચન

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય ભાલચંદ્ર કાજરેકર છેલ્લા એક વર્ષથી નિયમીત 'સાહિત્ય પ્રસાદ' સંગીત-કળા જેવા વિષય અને સ્વરચિત સાહિત્ય સાથેના પ્રતિમાસે અંક પ્રકાશીત કરે છે. ૨૦૧૫ના જાન્યુઆરી માસનો ૪૮ પાનાનો કહ્યું કે આ માસિક માત્ર અને માત્ર ગુજરાતી સાહિત્યના પ્રચાર-પ્રસાર અને નિજાનંદ માટે કરાય છે. આ વિશેષાંકમાં ભાગ્યેશ જહા, ભરત



પ્રકાશીત કરે છે. તેઓ ગુજરાતી સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠીત લેખકો-કવિઓની કૃતિ સાથે ગાંધીનગરના સર્જકોની કૃતિ સાથે આ માસીક દર મહિનાના બીજા રવિવારે ગાંધીનગર સાહિત્ય સભાની બેઠકમાં સૌને વિનામૂલ્યે ભેટ આપે છે.

ગુરૂ પરંપરા સાહિત્ય, પ્રાકૃતિક-નૈસર્ગીક, ઐતિહાસીક, શૈક્ષણિક, વિશેષાંક એમણે ખાસ બનાવ્યો. એનું વિમોચન ગાંધીનગર સાહિત્ય સભાની માસિક બેઠકમાં કરવામાં આવ્યું. ગાંધીનગર સાહિત્ય સભાના ઉપપ્રમુખ નટવર હેડાઉ, સુરેશ ભટ્ટ, મંત્રી સંજય થોરાત, મૂળજી પરમાર અને સોમભાઈ પટેલના હસ્તે આ વિશેષાંકનું વિમોચન કરવામાં આવ્યું.

ભાલચંદ્ર કાજરેકરે આ પ્રસંગે કવિ, ભાનુપ્રસાદ પુરાણી, કિશોર જીકારદરા, વી.એસ. ગઢવી, ભરત પાઠક, કુન્દન દવે, દોલત ભટ્ટ, સંજય થોરાત જેવા ગાંધીનગરના સાહિત્ય સર્જક સાથે નરસિંહ મહેતા અને ઉમાશંકર જોષીની કૃતિઓ સમાવી છે. વિનામૂલ્યે નિયમીત સેવા કરતા કાજરેકરની આ સેવાને પ્રમુખ ભરત કવિ અને પૂર્વપ્રમુખ દોલત ભટ્ટે ઉમળકાભેર આવકારી છે.

## સિદ્ધાર્થ લો કોલેજમાં સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ નિમિત્તે વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૧૨

સિદ્ધાર્થ લો કોલેજમાં સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતિ નિમિત્તે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં તેમના જીવન ચરિત્ર તથા તેમના વિચારો અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા.

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ફોર્મ ભરવાની છેલ્લી તા. ૨૦મી જાન્યુઆરી કરાઈ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના સે-૨૯માં આવેલ ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા તેમજ પ્રવેશ મેળવવા માગતા તમામ વિદ્યાર્થીઓ માટે ફોર્મ ભરવાની આખરી તારીખ જે ૭મી જાન્યુઆરી હતી તે હવે વધારીને તા. ૨૦મી જાન્યુઆરી કરવામાં આવી છે. આ યુનિ.માં બીએ અથવા એમએના અભ્યાસક્રમના બીજા વર્ષના ફોર્મ ભરવાના બાકી હોય તે વિદ્યાર્થીઓએ સત્વરે ફોર્મ ભરી જવા તાકીદ કરાઈ છે.

આ ઉપરાંત ડો. બી.એ. ઓપન યુનિવર્સિટીના બીપીપી, બીએ, બીકોમ, એમએ, સીસીસી તથા બીજા અન્ય કોર્ષમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટે ફોર્મ ભરવાની આખરી તા. ૨૦મી જાન્યુઆરી હોવાથી પ્રવેશથી વંચિત વિદ્યાર્થીઓએ સે-૨૯માં શાંતિ નિકેતન માધ્યમિક શાળા કેન્દ્ર નં. ૦૫૦૬નો સંપર્ક સાધવા જણાવાયું છે.

# સુરક્ષા સહીતના મુદ્દાઓ માટે ભારતને સહયોગ આપવા અમેરીકાની પ્રતિબદ્ધતા

ગાંધીનગર, તા. ૧૨

આતંકવાદના પડકારને ઉકેલવા તેમજ દેશોની સરહદોની સુરક્ષા માટે અમેરીકા અને ભારત બન્ને દેશો એક બીજાને પરસ્પર સહયોગ આપીને બન્ને દેશો વચ્ચેના સંબંધોને વધુ ગાઢ બનાવશે એમ અમેરીકાના વિદેશ મંત્રી જ્હોન કેરીએ આજે એક પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું.

વાઈબ્રન્ટ ઈન્વેસ્ટર સમીટ ખાતે અમેરીકાના વિદેશ પ્રધાન જ્હોન કેરીએ આજે એક પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે સંરક્ષણ, ન્યુકીલયર, આર્થીક બાબતો કલાઈમેન્ટ ચેઈન્જ સહીતના મુદ્દા પર ચર્ચા થઈ છે.

તેમણે જણાવ્યું હતું કે દેશોની સરહદોની સુરક્ષાને મામલે અમેરીકા અને ભારત એક બીજાને પરસ્પર સહયોગ આપીને સુરક્ષાના પડકારોનો સામનો કરવા માટેના પગલાઓ ભરશે. આ ઉપરાંત દરિયાઈ સીમાઓને સલામત રાખવા પણ ચર્ચાઓ કરવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું.

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના શાસનના ગુણગાન ગાતા તેમણે જણાવ્યું હતું કે, વિકાસ માટે ગુજરાતમાં જે અમલ શરૂ કર્યો છે તેવો જ વિકાસ કાર્યોનો અમલ દેશના વડાપ્રધાન બન્યા બાદ દેશમાં શરૂ કર્યો છે.

ભારત અને અમેરીકા વચ્ચેના આર્થીક સંબંધોને વધુ મજબુત કરવામાં આવશે એમ જણાવીને તેમણે જણાવ્યુ હતુ કે ભારત સાથે મળીને કલાઈમેન્ટ ચેઈન્જ અને કલીન એનર્જીના ક્ષેત્રમાં અમેરીકા પુરો સહયોગ આપીને ભારત સાથે કામ કરશે.

ગરીબમાં ગરીબ લોકોના ઘરમાં ૨૪X૭ કલાક વીજળી મળે તે માટેના કાર્યમાં પણ ભારતને સહયોગ આપવા માટેની અમેરીકાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

તાજેતરમાં ફ્રાન્સમાં બનેલી આતંકી ઘટનામાં માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલિ આપવા અને ફ્રાન્સના લોકો સાથે ઉભા રહેવા માટે સંવેદના વ્યક્ત કરી હતી. તેઓ આગામી ગુરૂવારના રોજ ફ્રાન્સ જનાર હોવાનું તેમણે જણાવ્યુ હતુ.

આતંકીવાદના પડકારને ઉકેલવા અને તેની સાથે લડવા માટે અમેરીકા અને ભારત સંયુક્તરીતે લડશે એમ તેમણે જણાવ્યું હતું.



## સ્વામી વિવેકાનંદની ૧૫૩મી જન્મતિથિએ મુખ્યમંત્રીની ભાવાંજલિ

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે સ્વામિ વિવેકાનંદની ૧૫૩મી જન્મજયંતિએ વિધાનસભા પરિષદમાં સ્વામીના તૈલચિત્ર સમક્ષ ભાવાંજલિ અર્પણ કરી હતી. વિધાનસભા અધ્યક્ષ ગણપતસિંહ વસાવા, દંડકશ્રી પંકજભાઈ દેસાઇ, નાયબ દંડકશ્રી આત્મારામ પરમાર સહિત વિધાનસભ્યો, નગરસેવકોએ પણ સ્વામી વિવેકાનંદને શ્રદ્ધાંજલિ આપી હતી.

શ્રીમતી આનંદીબહેને આ વેળાએ પરિસરમાં ઉપસ્થિત શાળાના બાળકો સાથે વિવેકાનંદના જીવન સંદેશ વિષયનું વાર્તાલાપ - માર્ગદર્શન કર્યું હતું. તેમણે ગાંધીનગરની શાળાના બાળકોની વિવિધ ચિત્રકૃતિઓ અને સુશોભન પણ નિહાળ્યા હતા. મુખ્યમંત્રી મહાત્મા મંદિર પરિસરમાં દાંડી કુટિરની પૃષ્ઠ ભૂમિમાં સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ અવસરે સ્વામીજીની તસવીરને પુષ્પાંજલી અર્પણ કરી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી સાથે કેન્દ્રીય નાણા મંત્રીશ્રી અરૂણ જેટલી પણ ઉપસ્થિત રહ્યા હતા. યુવક સેવા અને સાંસ્કૃતિ પ્રવૃત્તિઓ વિભાગના સચિવ અને માહિતી કમિશનર શ્રી ભાગ્યેશ જહાએ મુખ્યમંત્રીશ્રીને આવકાર્યા હતા.




ઉત્તરાયણનો સંબંધમાં દરિયાપુર પોલીસ સ્ટેશનથી સુરક્ષા સેતુ દ્વારા પક્ષી બચાવવા માટે રેલીનું આયોજન કરાયું હતું.

# હવે, શહેરમાં જામશે રંગબેરંગી વિવિધ પ્રકારના પતંગોની શોભા!

## વિચારસભા
## ચલી ચલી રે પતંગ મેરી ચલી રે

- નેહલ જયદીપ ગઢવી

શિયાળો એટલે ફૂલગુલાબી ઠંડી-ઠંડી હવાની મોસમ! રંગબેરંગી ફૂલોનો મસ્ત મજાનો માહોલ! અને આવા સુંદર મનમોહક વાતાવરણમાં અત્યારે તો આપણા આ પાટનગરની શોભા વાયબ્રન્ટ સમીટના કારણે એક જાજરમાન સન્નારી સમાન ખીલી ઊઠી છે. વાતાવરણની મનમોહકતામાં રોશનીની આ ઝાકળમાળે જાણે ચાર ચાંદ લગાવી દીધા! અને વાયબ્રન્ટ સમીટના આ ઉલ્લાસપૂર્ણ અને તહેવારભર્યા માહોલમાં થોડો વધારો થયો મકરસંક્રાતિના પર્વને કારણે! ઉત્તરાયણ એ ગુજરાતીઓનો મનગમતો તહેવાર છે! અને આ વર્ષે તો પતંગરસિયાઓએ છેક ૧૩મી તારીખ સુધી પતંગ ચગાવવાની રાહ જોઇ છે. તો આ વર્ષના આ ઉત્તરાયણનું પર્વ તો ગાંધીનગરાઓ વિશેષ ઉલ્લાસપૂર્વક માણશે. દેશ-વિદેશના મહેમાનોના સ્વાગત, ભવ્ય અને વિશાળ ડોમ, સરસ મજાની રોશની અને મહાત્મા મંદિરની આહ્લાદક શોભાથી આપણા આ પાટનગરમાં છેલ્લા કેટલાક દિવસોમાં ખાસ્સી ચહેલપહેલ જોવા મળી! અને હવે શહેરમાં જામશે રંગબેરંગી વિવિધ પ્રકારના પતંગોની શોભા! તહેવારનો માહોલ આમ જ વાસી ઉત્તરાયણ સુધી જળવાઇ રહેશે! ગુજરાતીઓમાં તો ઉત્તરાયણમાં જેટલું મહત્ત્વ પતંગ ચગાવવાનું અને ધાબા પર ચડીને લાઉડ મ્યુઝિક સાંભળવાનું છે તેટલું જ મહત્ત્વ ઊંધીયા - જલેબીની જયાફત માણવાનું પણ છે, સાથે શેરડી, બોર, જામફળ અને ચીકી પણ ખરી જ! તો આવો, ધાબાની સાફ-સપાઇ કરીને પતંગ અને દોરી - રૂપી શસ્ત્ર-સરંજામ લઇને આકાશ તરફ ચડાઇ કરવા કટિબદ્ધ બની જઇએ! સૌ સાથે મળીને ગાઇએ;

**ચલી ચલી રે પતંગ મેરી ચલી રે**
**ચલી બાદલો કે પાર, હો કે ડોર પે સવાર**
**સારી દુનિયા યે દેખ-દેખ જલી રે**
**છૂ ના મત દેખ અકેલી, હૈ સાથ મેં જોર સહેલી,**
**હૈ યે બીજળી કી ધાર, બડી તેજ હૈ કટાર,**
**દેગી કાટ કે રખ દિલ-જલી રે**
**ચલી ચલી રે પતંગ.**

ઉત્તરાયણમાં અન્ય એક મહત્ત્વ દાન-પુણ્યનું પણ છે. અને આ આપવું એટલે માત્ર વસ્તુ કે રૂપિયા-પૈસાનું દાન નહી, આજના આ ફાસ્ટ યુગમાં તો અંગત અને મનગમતી વ્યક્તિના સાથનું કે પછી એક મીઠી મુસ્કાનનું દામ પણ જરૂરી હોઇ શકે છે! કોઇએ ખરું કહ્યું છે કે,

**"થીજેલી ઠંડીમાં હૂંફાળો એક 'ખ્યાલ' આપ!**
**રહેવા દે શાલ તારી પાસે, દોસ્ત...!**
**માત્ર એક ઉષ્માભરેલું 'વ્હાલ' આપ...!"**

અને આ ઉષ્માભરેલા વ્હાલની જરૂર માત્ર માનવીને જ નથી અબોલ પંખીઓને પણ છે! માસૂમ પંખીઓના આક્રંદથી ઉત્તરાયણના પર્વના આનંદનો શોકગ્રસ્ત બનતો અટકાવવા કાચવાળી પાકી દોરીને સ્થાને સાદો માંજો વાપરતા થઇએ તો તહેવારનો આનંદ મનુષ્યો અને પંખીઓ સાથે મળીને માણી શકશે! આ ઉત્તરાયણે ગૂંચવાયેલાં અને ઝાડ પર ફસાયેલા પતંગ-દોરાને દૂર કરી શકીશું તો જ આપણી આ બે ક્ષણની મજા કોઇના મોતની સજા બનતી અટકાવી શકીશું. આપણો આનંદ કોઇનો આક્રંદ બને તો પછી એને આનંદ શી રીતે કહેવાય? મકરસંક્રાતિના આ પર્વમાં જેટલું મહત્ત્વ દાનનું છે તેટલું જ સંકલ્પનું પણ છે. તો એક નવા અને નાનકડાં સંકલ્પથી પણ આ પર્વને કંઇક અલગ-વિશિષ્ટ રીતે ઊજવી શકાય! જો કોઇ ઉદાસ ચહેરા પર એક હાસ્ય આવે, અને એનું કારણ તમે બનો.' આ પ્રકારનો સંકલ્પ આપણે સૌ સાથે મળીને લઇએ તો દુનિયામાં કોઇ જ વ્યક્તિ નિરાશ કે હતાશ બનેલો જણાશે નહિ!

વોટ્સઅપ અને ઇન્ટરનેટ તેમ જ ટીવી અને એફ.એમ.ના યુગમાં સૌ કોઇ પોત-પોતાના વિશ્વમાં મશગુલ છે. એકબીજા સાથે સામસામે વાતચીત કરવા કરતાં વોટ્સઅપ પર ચેટ કરવામાં તેમ જ હેડ ફોન કાનમાં ભરાવીને ગીતો સાંભળવામાં જ તેમને વધુ મજા આવે છે. પણ આ વોટ્સ અપ પર ઘણીવાર એટલા હૃદયસ્પર્શી અને વેધક મેસેજીસ આવે કે ક્ષણવાર માટે બધું જ ભૂલીને આપણે પણ આ મેસેજીસમાં ખોવાઇ જ જઇએ! એમાં પણ પ્રસંગને અનુરૂપ મેસેજીસ તો ખરેખર મજેદાર હોય છે. કેટલાક મસેજીસ્ રડાવી મૂકે તેવા તો કેટલાક હોઠ પર હાસ્ય ફરકાવી જનારા પણ હોય છે! અત્યારે ઉત્તરાયણ નિમિત્તે અત્યંત પ્રચલિત થયેલા મેસેજીસમાં આ મેસેજ કેટલો અદ્દભુત છે કે, મોહ, અહંકાર, કામ, ક્રોધ અને લોભ આ બધા પતંગ કાપવા જેવા અને દયા, સહકાર, સંપ, કરુણા અને પ્રેમ જેવા પતંગ ચગાવવા જેવા ખરા! કેટલી સરસ વાત અને કેટલી સરળ શૈલી! તો અન્ય એક મેસેજમાં લખાયું છે કે પતંગ જેવા બનીએ, શરીરે વિંધાઇ જઇએ અને તોય ખૂબ ઊંચે જઇએ! અને મંદીના આ દૌરમાં મધ્યમવર્ગીય વ્યક્તિની મૂંઝવણને વ્યક્ત કરતો આ મેસેજ તો કેટલો વેધક છે કે,

**"કટી પતંગ કા રુખ મેરે ઘર કી તરફ થા,**
**દોસ્ત, પર ઉસકો ભી લૂટ લિયા ઉચે મકાન વાલોં ને!"**

એક ભાવનગરી કવિએ કહ્યુ છે તેમ,

**"અનેરા ઉત્સવો આવી રડાવે, મોંઘવારી છે**
**પછી તો હોઠ ચાટીને ચલાવે, મોંઘવારી છે."**

ઉત્તરાયણના આ પર્વને આપણે સૌ મનભરીને માણીએ અને વોટ્સ-અપના મેસેજીસને પણ ખુશીથી એકબીજા સાથે 'શેર' કરીએ! પણ કોઇ પણ આનંદ પોતાની મર્યાદામાં જ શોભે તથા આપણો આનંદ અન્ય માટે દુ:ખ રૂપ ન બને એ માટે જાગૃત રહેવું પણ એટલું જ અગત્યનું ગણાય! વોટ્સ-અપના આ મેસેજીસ અને ગ્રુપ ચેટમાં એટલા ખોવાઇ જ જઇએ કે ઘરમાં બાજુમાં બેઠેલા કુટુંબના સભ્યની આંખોના ભાવને વાંચવા કે સમજવાને લાયક ન રહીએ! તે જ પ્રમાણે તહેવારની મજા ચોક્કસપણે માણીએ પણ અબોલ જીવને રંજાડ્યા વિના તેમ જ તકલીફમાં હોય તેવા પંખીઓને આપણાથી થઇ શકે તેવી મદદ કે સારવાર આપીને પણ તહેવારને સ્હેજ અનોખી રીતે આણીએ! આપ સૌને મકરસંક્રાતિના આ પર્વની ખૂબ-ખૂબ શુભકામનાઓ!